શાળાઓમાં ચાલતી કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરવા કડક તાકીદ

પુસ્તકો સહીત અન્ય સ્ટેશનરી અને યુનિફોર્મના કમિશન બેઇઝ વેચાણ અંગે તપાસ થશે : ડીઇઓ

ગાંધીનગર તા ૨૬

નગરની શાળાઓમાં ચાલતી કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે જિલ્લા શિક્ષણતંત્રએ લાલ આંખ કરી છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને ખાનગી પ્રકાશનોના પુસ્તકો સહીતની જરૂરી સ્ટેશનરી તેમજ યુનિફોર્મ ખરીદવા માટે થતા દબાણને ધ્યાને લઇ સફાળા જાગેલા શિક્ષણતંત્ર દ્વારા આ પ્રકારની હરકત સદંતર બંધ કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. જયારે શાળાના નોટીસ બોર્ડ પર આ મામલે શાળામાં પુસ્તકો , સ્ટેશનરી તેમજ યુનિફોર્મ માટે કોઇ કોર્મશિયલ પ્રવૃતિ થતી ન હોવાની નોટીસ જારી કરવા માટે પણ જિલ્લા શિક્ષણાધિકારીએ સંચાલકોને જણાંવ્યુ છે. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીને અગાઉ મળેલી ફરિયાદોને આધારે ચકાસણી પણ કરવામાં આવશે. જેમાં કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.

શાળાઓમાં તગડી ફી વસુલાતી હોવાના મામલે હજુ વાલીઓનો રોષ શમ્યો નથી ત્યાં શાળાઓમાં ચાલતી કોર્મશિયલ પ્રવૃતિ પણ નગરજનો માટે આક્રોશનુ કારણ બની છે. નગરની શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્ટેશનરી ,સ્કુલ યુનિફોર્મ તેમજ પુસ્તકો ખરીદવા માટે દબાણ કરવામાં આવતુ હોવાની પણ ફરિયાદો અગાઉ અનેકવાર ઉઠવા પામી છે. જયારે કમિશન મળતુ હોય તેવી દુકાનોમાંથી જ આ ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ દબાણ કરવામાં આવતુ હોવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા હતા. શહેરની શાળાઓમાં ચાલતી આ કોર્મશિયલ પ્રવૃતિથી વાલીઓમાં પણ છાંનાખુણે રોષ પ્રવતેલો હતો. ત્યારે અન્ય ઠેકાણેથી સ્ટેશનરી કે પુસ્તકરો ખરીદવામાં આવે તો વિદ્યાર્થીઓ પ્રત્યે પુર્વગ્રહ રાખી પરેશાન કરવામાં આવતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. આ મામલે સફાળા જાગેલા જિલ્લા શિક્ષણતંત્રએ નગરની શાળાઓમાં આ પ્રકારની કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા સુચના આપવામાં આવી છે. જેમાં શાળામાં કોઇપણ પ્રકારની કોર્મશિયલ પ્રવૃતિ ન થાય તે અંગે શાળાના સંચાલકોને સુચના આપી દેવાઇ છે. જયારે આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાઓમાં તપાસ પણ કરવામાં આવશે અને કસુરવાર જણાંય તેવી શાળાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

પરીક્ષાનું પરિણામ - શહેરમાં આજકાલ પરીક્ષાના પરિણામની મોસમ ચાલે છે... બુધવારે શહેરની મોટાભાગની શાળાઓમાં પરીક્ષાના પરિણામો જાહેર થયા હતા... વિદ્યાર્થીઓ અને વાલીઓ વહેલી સવારથી શાળાએ પહોંચી પરીક્ષાનું પરિણામ મેળવતા હતા... ભારે ઉત્તેજનાના માહોલમાં વિદ્યાર્થીઓ પરીક્ષાના મૂલ્યાંકનના ગ્રેડ મેળવી ક્યાંક ખુશી, ક્યાંક ગમ છવાયા હતા...

જિલ્લામાં હીટવેવને પગલે દૂધ ઉત્પાદનમાં ૧૫ ટકા સુધીનો ઘટાડો

વધુ પડતી ગરમી લાગવાથી ગાભણ પશુ તરવાઈ જવાની સંભાવનાઓ રહેલી છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં હીટવેવને પગલે દૂધ ઉત્પાદનમાં ૧૨ થી ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજ્યના કુલ દૂધ ઉત્પાદનમાં ગાંધીનગર જિલ્લાનો ફાળો ૩.૨૭ ટકા જેટલો છે.

હીટવેવને પગલે જિલ્લામાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દૂધ ઉત્પાદન પર અસર થતી જ હોય છે. વધુ ગરમીના દિવસોમાં પશુઓ દ્વારા થતા દૂધ ઉત્પાદનમાં સામાન્યતઃ ૫ થી ૧૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હોય છે. આ વખતે અતિશય ગરમીના પ્રકોપને કારણે આ ઘટાડો ૧૨ થી ૧૫ ટકા સુધીનો નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

ખાસ કરીને ભેંસ સંવર્ગના પશુધનમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાનું મનાઈ રહ્યુ છે. વધુ પડતી ગરમી લાગવાથી ગાભણ પશુ તરવાઈ જવાની સંભાવનાઓ રહેલી છે.

જિલ્લા પશુપાલન શાખાએ પણ હીટવેવને નજર સમક્ષ રાખી પશુપાલકોને પશુઓને વૃક્ષના છાંયડામાં રાખવાની સલાહ આપી છે. ગરમીના દિવસોમાં પશુઓની પીવાના પાણીની જરૂરિયાત પણ વધી જાય છે. દિવસમાં પાંચ થી ૭ વાર ઠંડુ પાણી પીવડાવવાની પણ સલાહ તંત્રના અધિકારીઓએ આપી છે.

દરમ્યાન મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં દૂધ ઉત્પાદનની સરેરાશ જળવાઈ રહેવા પામી છે. જો કે તેમણે જણાવ્યુ હતુ કે દૂધની જાળવણીની ક્ષમતામાં ડેરીએ સારો એવો વધારો કર્યો છે.

સેક્ટર-૬માંથી ૩ વર્ષની બાળા મેલેરિયાથી પિડાતી મળી આવી

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ૬૧ તાવના દર્દી મળ્યા : સે. ૬ અને ૧૩માંથી જ ૩૨ તાવના દર્દી મળી આવ્યા : ૩૩ જગ્યાઓ પરથી મચ્છરોના પોરા મળ્યા : સે. ૬માં કન્ટ્રકશન સાઈટ પર પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે. ૬માં ચાલી રહેલ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૩ વર્ષની બાળકીને મેલેરિયા પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે તાવના ૬૧ કેસ મળી આવ્યા છે. જ્યારે ૩૩ જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમે પોરાનાશક કામગીરી કરી હતી.

મેલેરિયાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૬ની કન્સ્ટ્રક્શન સાઈટ પરની તપાસ દરમ્યાન ત્યાંથી મોટી સંખ્યામાં પોરા

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ત્રણ દિવસમાં તાવના ૧૬૦૦ દર્દી મળી આવ્યા

૧૯૦૦થી પણ વધુ સ્થાનોએથી મચ્છરોના લારવા મળ્યા : ગ્રામ્ય વિસ્તારમાંથી તાવના કેસો વધુ મળતાં આરોગ્ય સેવાઓ સઘન બનાવાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારની પ્રજા તાવથી પિડાઈ રહી છે ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા સબ સલામતની ગુલબાંગોની પોકળતા છતી થઈ રહી છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૬૦૦ જેટલા લોકો તાવથી પિડાતા જોવા મળ્યા છે. આ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

જિલ્લામાં એક તરફ આકાશી ગરમીનું પ્રમાણ જે રીતે જોવા મળી રહ્યુ છે તેને લઈ તંત્ર સબ સલામતની ગુલબાંગો પોકારી રહ્યુ છે. આરોગ્યની ટીમો દ્વારા પાંચ લાખથી વધુ લોકોને અત્યાર સુધીમાં સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ખ-માર્ગ પર ૨૦ લાખના ખર્ચે સ્ટોર્મ વોટરલાઈનના ભયજનક ગાબડા પુરાશે

ગાંધીનગર તા ૨૬

શહેરના ખ માર્ગને સિક્સલેન બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાઇ છે. પરંતુ માર્ગ વચાળે જોખમી બનેલી સ્ટોર્મ વોટર ચેમ્બરની લાઇન હજુ પણ રાહદારીઓ માટે ગમે તે ઘડીએ અકસ્માત નોતરે તેવી ભયજનક સ્થિતિ છે. જો કે પાટનગર યોજના વિભાગ દ્વારા સ્ટોર્મ વોટર લાઇને કોર્નર કરવા માટે ટુંકમાં જ ટેન્ડર પ્રકીયા હાથ ધરી ચેમ્બરને કોર્નર કરવામાં આવશે.

નગરના ખ માર્ગને સિકસલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે મહાત્મા મંદિર સાથે જોડાયેલા માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ગત વાઈબ્રન્ટ સમિટ પુર્વે જ પુર્ણ કરવામાં આવી છે. ખ માર્ગ પર મહાત્મા મંદિરના લીધે વી આઈ પી ઓ ની વિશેષ અવરજવર રહે છે. જ્યારે આ માર્ગ પર રેલવે સ્ટેશન સ્થિત હોવાથી આસપાસના રહેણાંક વિસ્તારને લીધે પણ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહયો છે. ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરીના અંતે માર્ગ વચાળે જ મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા હોવાની ભયજનક સ્થિતિ સર્જાઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ખ માર્ગ પર વચાળે જ સ્થિત સ્ટોર્મ વોટર લાઈન જોખમી હાલતમાં છે. જેમાં ખ-૫ થી ખ-૭ વચ્ચે આ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. જેના લીધે ખ માર્ગ પર વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત વચ્ચે સ્થાનિક રહીશોમાં પ્રબળ આક્રોશ વ્યાપ્યો છે. ત્યારે તંત્ર દ્વારા હજુ સુધી આ ગાબડા પુરવાનુ કામ હાથ ધરાયુ નથી. ખ માર્ગની દશા સુધારવા માટે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરી સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરને યોગ્ય કરવામાં આવશે તેમ સુત્રોએ જણાંવ્યુ છે. આ માટે ખ-૫ થી ખ -૭ વચ્ચેના માર્ગ પર વચાળે સ્થિત ભયજનક લાઈનને માર્ગની સમાંતર કરવા અને યોગ્ય પુરાણ તેમજ ઢાંકણ લગાવાની કામગીરી હાથ ધરાશે જો કે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

માર્ગને સિક્સલેન બનાવાયા બાદ ખ-૫થી ખ-૭ વચ્ચે માર્ગ સલામતી જોખમાઇ છે

સે-૫માં આંતરિક માર્ગો કંગાળ હાલતમાં

સ્થાનિક રહીશો આગબબુલા : પાંચ વર્ષના અંતે પણ સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી

ગાંધીનગર તા ૨૬

નગરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ સદંતર ધોવાણ થતા હાલ સેકટરોનુ ઈન્ટરનલ રોડ નેટવર્ક ખાડે ગયુ છે. સે - ૧ થી ૫ માં માર્ગોની હાલત અત્યંત કંગાળ છે. ત્યારે પાંચ વર્ષના અંતે પણ સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટેની કાર્યયોજના આખરી થઇ નથી. સે-૫માં આંતરિક રસ્તાઓ પર ગાબડા જોવા મળી રહયા છે. સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે સ્થાનિક નેતાઓ પણ આમ નાગરિકોની ફરિયાદો તરફ દુર્લક્ષ્ય સેવી રહયા હોવાનો આક્રોશ રહીશોમાં ભભુક્યો છે.

ગાંધીનગર જિલ્લામાં માર્ગ નવિનીકરણ તેમજ સુધારણા પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે .જયારે મુખ્ય માર્ગો તેમજ તેના બ્યુટિફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ થાય છે. પરંતુ સેકટરોમાં રહીશોના ઘરઆંગણે જ માર્ગો પર ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા કોઇ આયોજન ન થતા

નાગરિકો પરેશાન છે. શહેરના આંતરિક માર્ગોનુ નેટવર્ક ખાડે ગયુ છે. નગરના જુના અને નવા સેકટરોમાં આંતરિક માર્ગોની દશા બેઠી છે. છેલ્લા પાંચ વર્ષથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના પરિણામે સેકટરોમાં આંતરિક માર્ગો પર ગાબડા જોવા મળી રહયા છે. માર્ગોના લેવલીંગના અભાવે ચોમાસા દરમિયાન રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. ત્યારે માર્ગ સુધારણાની સાથે યોગ્ય લેવલીંગ કરવામાં આવે તેવી માંગ પણ પ્રબળ બની છે. સે .૧ થી ૫ માં માર્ગ સુધારણાની કામગીરી માટે અનેકવાર રજુઆતો કરવા છતા આયોજન આખરી થતુ નથી. ચોમાસુ હવે નજીકમાં છે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરી પણ સમયે હાથ ધરવામાં આવે તેવો સુર ઉઠવા પામ્યો છે. નવા સેકરટોર પૈકી સે ૧ અને ૨ માં કોર્પોરેશન દ્વારા ખર્ચની ફાળવણી કરી દેવાઇ છે. જયારે સે-૩ થી ૫ ની દરખાસ્ત માર્ગ મકાન વિભાગમાં લાંબા સમયથી ધુળ ખાય છે. સે-૫ માં પણ આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ હોવાના લીધે સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. પરંતુ સ્થાનિક નેતાગીરી પણ આ મામલે નિષ્ક્રીય હોવાના સુર સાથે રહીશોમાં રોષ ભભુક્યો છે. સેકટરોમાં આંતરિક માર્ગોની દશા સુધારવાનુ કામ ત્વરિત હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

મનપામાં ભાજપને વેરા-ઉઘરાણી સિવાય કોઈ કામ નથી : બિહોલા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકામાં પાછલા બારણે સત્તાના સૂત્રો સંભાળનાર ભાજપના સત્તાધીશોને પ્રજાના પૈસા ઉઘરાવવા સિવાય પ્રજાકીય કામોમાં કોઈ અભિરૂચી નહિ હોવાનો ગંભીર આક્ષેપ શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો છે.

આજે કોંગ્રેસ પક્ષ વતી મેયરને પાઠવેલા એક આવેદન પત્રમાં વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ છે કે શહેરી બસ સર્વિસની સેવા એક સપ્તાહથી બંધ છે પણ સત્તાધીશોને સામાન્ય પ્રજાની હાલાકીની કંઈ જ પડી નથી તે સ્પષ્ટ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિસર્વેની વારંવારની માંગણી પણ તંત્ર દ્વારા કે સત્તાધીશો દ્વારા સ્વીકારી કાર્યવાહી કરવામાં આવતી નથી આ જ પ્રજાકીય કામોની કંઈ સત્તાધારી પક્ષને પડી નથી એ સ્પષ્ટ કરવા પુરતુ ઉદાહરણ છે.

તેમણે જણાવ્યુ હતુ કે બે મહિને એકવાર સામાન્ય સભા બોલાવી અને ગણતરીની મિનિટોમાં જ કોઈપણ રચનાત્મક ચર્ચાને સ્થાન ન મળે તે રીતે પૂરી કરી દેવાની નીતિ અખત્યાર કરી પ્રજાના અવાજને ઠપડવાનો પ્રયાસ પણ સાંખી શકાય તેમ નથી.

કાઉન્સીલરો દ્વારા સૂચવવામાં આવતા કામોના ટેન્ડરો બે વર્ષ સુધી નહિ કરવાની ઉદાસીનતા પણ તંત્ર દાખવે છે એ જ શાસક પક્ષની માનસિકતા છતી કરે છે. તેમણે શહેરની ડમ્પીંગ સાઈટ માટે આજ સુધી સત્તાધારી પક્ષે સરકારમાં રજુઆત કરી નથી અને બીજી તરફ નદી શુદ્ધિકરણની વાતો કરી નદીની બાજુમાં જ કચરો નાખી પ્રદૂષણ ફેલાવવાનું કામ કરવામાં આવી રહ્યુ છે. દર વર્ષે બજેટમાં જોગવાઈ રાખોની ડમ્પીંગસાઈટ માટે માત્ર કાગળ પર કરવામાં આવે છે.

બજેટમાં સૂચવાયેલ પ્રજાકીય કામો આજસુધી શરૂ થયા નથી તેવો આક્ષેપ પણ તેમણે આવેદન પત્રમાં કર્યો છે.

પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ બેસણું

મારા ધર્મપત્ની **સ્વ. સૌ. કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટ** (ઉ.વ. ૬૬)નું દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૪/૨૦૧૭ ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ કલાકે** રાખેલ છે. **લૌકિક ક્રિયા રાખેલ નથી.**

સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, સેક્ટર-૭/સી, ગાંધીનગર

લિ.

કૌશિકભાઈ જે. ભટ્ટ

શેખર કે. ભટ્ટ **હિતેન કે. ભટ્ટ**

નોંધ : શ્વસુરપક્ષ અને પીયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

- જયપ્રકાશ એ. ભટ્ટ (ભાઈ)

સુધારો

શ્રીરંગ પાર્ક કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. વાસણા-હડમતિયાની તા. ૨૬/૪/૨૦૧૭ના રોજ છેલ્લા પાને છપાયેલ જાહેરાતમાં વર્ષ ૨૦૧૬-૧૮ છપાઈ છે તેની જગ્યાએ વર્ષ ૨૦૧૬-૧૭ આઠમી વાર્ષિક સાધારણ સભા વાંચવું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૦૬૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com